પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૮ | ૧૮ જુન, ૨૦૧૯, મંગળવાર; જયેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પક્ષ-વિપક્ષ નહિ, નિષ્પક્ષ બનીએ : મોદી

**૧૭મી લોકસભાનુ પ્રથમ સત્ર શરૂ : મોદી મોદીના નારાઓ વચ્ચે મોદીના શપથ : પ્રોટેમ સ્પીકરે વડાપ્રધાન મોદી, રાજનાથસિંહ, શાહ સહિત સાંસદોને શપથ લેવડાવ્યા : મોદી સરકારના એજન્ડામાં અનેક બિલ રહેશે : નવા સત્રમાં પક્ષ-વિપક્ષની વિચારસરણીને બાજુ પર મુકીને દરેક સાંસદ નિષ્પક્ષ ફરજ બજાવે : વિપક્ષ નંબરની ચિંતા છોડી યોગદાન આપે : મોદી**













નવી દિલ્હી,તા. ૧૭

૧૭મી લોકસભાનુ પ્રથમ સત્ર આજે વિધીવતરીતે શરૂ કરવામાં આવ્યુ હતુ. આ સત્રમાં કેન્દ્રિય બજેટ રજૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત આ વખતે સરકારના એજન્ડામાં ત્રિપલ તલાક જેવા મહત્વપૂર્ણ કાયદા પણ રહેશે. મોદી મોદીના નારા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંસદમાં શપથ લીધા હતા. મોદીએ શપથ લીધા બાદ લોકસભામાં નવા ચૂંટાયેલા સાંસદોએ શપથ લીધા હતા. કાર્યકારી સ્પીકર વીરેન્દ્ર કુમારે ૧૭મી લોકસભાની કાર્યવાહી શરૂ કરાવી હતી. લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ આજથી ૧૭મી લોકસભાનુ પ્રથમ સત્ર શરૂ કરવામાં આવ્યુ હતુ. મોદીએ આ પ્રસંગે વિપક્ષને લોકશાહી માટે ફરજિયાત તરીકે ગણાવીને કહ્યુ હતુ કે સમર્થ વિપક્ષથી લોકશાહી મજબુત થાય છે. મોદીએ વિપક્ષ પાસેથી સહકારની માંગ કરતા કહ્યુ હતુ કે વિપક્ષી દળોએ નંબરોની ચિંતા કર્યા વગર યોગદાન આપવાની જરૂર છે. તેમનો અવાજ અને ચિંતા સરકાર માટે મહત્વપૂર્ણ છે. પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે નવી લોકસભાની રચના બાદ આજે પ્રથમ સત્રની શરૂઆત થઈ છે. મોદીએ કહ્યુ હતુ કે નવા સાથી નવા ઉત્સાહ સાથે આવી રહ્યા છે. ભારતના લોકશાહી ની વિશેષતા એ છે કે તાકાતનો અનુભવ દરેક ચૂંટણીમાં લોકો કરે છે. મોદીએ ખાતરી આપતા કહ્યુ હતુ કે દરેક

● અનુસંધાન પાન-૭ પર

# જે. પી. નડ્ડા ભાજપના કાર્યકારી અધ્યક્ષ



નવીદિલ્હી, તા. ૧૭

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી જગત પ્રકાશ નડ્ડા ભારતીય જનતા પાર્ટીના કાર્યકારી પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા છે. આજે ભાજપની સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં નડ્ડાના નામ ઉપર સહમતી થઈ હતી.

મોદી સરકારની પ્રથમ અવધિમાં નડ્ડા આરોગ્ય મંત્રી તરીકે રહ્યા હતા. આ સરકારમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ત્યારબાદથી એમ માનવામાં આવ્યું હતું કે, પાર્ટીમાં તેમને કોઈ મોટી જવાબદારી મળી શકે છે. અમિત શાહ આગામી છ મહિના સુધી પાર્ટીના નવા અધ્યક્ષ તરીકે રહેશે. તેમના માર્ગદર્શનમાં જ નડ્ડા દરરોજની કામગીરીને જોશે. બેઠક બાદ પાર્ટીના વરિષ્ઠ નેતા અને દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, નડ્ડાને કારોબારી પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

# પુલવામામાં સેનાના કાફલા પર હુમલો

**આઈઈડી બ્લાસ્ટ મારફતે ટાર્ગેટ બનાવવા પ્રયાસ : દક્ષિણ કાશ્મીરમાં હાઈ એલર્ટ**

શ્રીનગર, તા. ૧૭

જમ્મુ-કશ્મીરના પુલવામા જિલ્લામાં ત્રાસવાદીઓએ ફરી એકવાર સુરક્ષા દળોના કાફલાને ટાર્ગેટ બનાવીને આજે હુમલો કર્યો હતો. પુલવામાના અરીહલ ગામમાં સેનાના રાષ્ટ્રીય રાઈફલના કાફલા પર આ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, આ હુમલો નિષ્ફળ કરી દેવામાં આવ્યો હતો. કાફલાને બ્લાસ્ટ મારફતે ફુંકી મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પુલવામાના આ હુમલા બાદ સમગ્ર દક્ષિણ કાશ્મીરમાં હાઈ એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. આ ત્રાસવાદી હુમલામાં ત્રણ જવાન ઘાયલ થયા હતા. જોકે, સુરક્ષા દળો તરફથી આ સંદર્ભમાં હજુ સુધી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### હોંગકોંગમાં સરકાર વિરુદ્ધ પ્રદર્શન

હોંગકોંગમાં લાખો લોકો માર્ગો પર ઉતરી આવ્યા છે અને સરકાર વિરુધ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન વિવાદાસ્પદ પ્રત્યાર્પણ વિધેયકના કારણે છે. રવિવારે યોજાયેલ માર્ચમાં ૨૦ લાખ લોકો સામેલ થયા હતા.

### જેટ એરવેઝ દેવાળીયુ જાહેર થશે

એસબીઆઈની અધ્યક્ષતાવાળા બેંકોના સમૂહે જેટ એરવેઝના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન મુકી દીધું છે. તેઓ હવે જેટ એરવેઝને દેવાળીયુ જાહેર કરવાની પ્રક્રિયા શરુ કરશે. હવે આ મામલો નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ પાસે જશે જે આગળની કાર્યવાહી કરશે.

### અત્યાર સુધી દેશમાં વરસાદની ખાધ ૪૩ ટકાએ પહોંચી

અત્યાર સુધીમાં ચોમાસું મધ્ય પ્રદેશ, રાજસ્થાન, પૂર્વ ઉત્તર પ્રદેશ અને ગુજરાતના અમુક વિસ્તારો સહિત મધ્ય ભારતમાં પહોંચી જવું જોઈતું હતું, પરંતુ મહારાષ્ટ્રમાં ચોમાસાનું આગમન હજુ હવે થશે. ચોમાસું ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહ્યું હોવાને કારણે અત્યાર સુધીમાં દેશભરમાં વરસાદની ખાધનો આંક ૪૩ ટકા પર પહોંચ્યો છે.

### કોલકાત્તામાં હાથ-પગ બાંધીને ગંગામાં ડૂબકી લગાવનાર જાદુગરનું મોત

પશ્ચિમ બંગાળમાં કોલકાતા સ્થિત હાવડા બ્રિજ પાસે ગંગામાં ડુબી જવાથી એક જાદુગરનું મોત થયું છે. આ જાદુગરે જાદુ બતાવવા માટે પોતાને લોખંડની ચેનથી હાથ-પગ બાંધીને નદીમાં ડુબકી લગાવી હતી. ઘણો સમય વિતી ગયો પણ જાદુગર બહાર આવ્યો ન હતો, ત્યારબાદ દર્શકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસના કહ્યાં પ્રમાણે મૃતક જાદુગરની ઓળખાણ ચંચળ લાહિરી(૪૧ વર્ષ) તરીકે થઈ છે.

# બિહારમાં જીવલેણ ગરમીથી હાહાકાર : કલમ ૧૪૪ જાહેર

**લુ લાગવાથી છેલ્લા ત્રણ દિવસમાં ૧૮૩ના મોત : પટણા સહિત બિહારના તમામ મુખ્ય શહેરમાં પારો ૪૫ ડિગ્રી થયો : ૨૨મી જુન સુધી સ્કુલ-કોલેજોમાં રજા જાહેર**

પટણા,તા. ૧૭

બિહારના ભીષણ ગરમી અને લુ પડવાના કારણે ભારે હાહાકાર મચી ગયો છે. હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે, તેનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે, છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ ૧૮૩ લોકોના મોત થઈ ચુક્યા છે. હોસ્પિટલમાં લુ લાગવાના કારણે શિકાર થયેલા સેંકડો દર્દી હાલ સારવાર હેઠળ છે. પટણા સહિત રાજ્યના તમામ મુખ્ય શહેરોમાં પારો ૪૫થી ઉપર પહોંચી ગયો છે. ૨૨મી જુન સુધી રાજ્યમાં તમામ સરકારી સ્કુલો અને કોલેજો બંધ રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી છે. ગયામાં ભીષણ ગરમીને ધ્યાનમાં લઈને વહીવટીતંત્ર દ્વારા કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. રાજ્યમાં શિક્ષણ વિભાગે આદેશ કર્યો છે કે, ગરમીને જોતા તમામ સરકારી અને સહાયતા મેળવતી સ્કુલો ૨૨મી જુન સુધી બંધ રહેશે. ગયામાં ડીએમ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. જે હેઠળ ચારથી વધુ લોકો એક જગ્યા ઉપર એકત્રિત થઈ શકશે નહીં. ઉપરાંત સવારે ૧૧ વાગ્યાથી ચાર વાગ્યા સુધી તમામ પ્રકારના સરકારી અને બિન સરકારી નિર્માણ કામો, મનરેગા હેઠળના મજુરી કામો અને ખુલ્લી જગ્યાએ કોઈ પણ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી શકાશે નહીં. આજે નાલંદામા છ લોકોના અને ઔરંગાબાદમાં ચાર લોકોના લુ લાગવાથી મોત થયા છે. શનિવારે મોતનો આંકડો ૬૧ હતો જે રવિવારે વધીને ૧૧૨ થયો હતો. આજે વધીને ૧૮૩ ઉપર પહોંચ્યો હતો. હજુ પણ સેંકડો લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સૌથી વધારે મોત ઔરંગાબાદ, નવાદા, પટણા, પૂર્વીય બિહાર, રોહતાસ, જેહાનાબાદ અને ભોજપુરમાં થયા છે. લુ લાગવાના કારણે છેલ્લા ત્રણ દિવસમાં ૧૮૩ લોકોના મોત થઈ ગયા છે. ગયા, નવાદા, ઔરંગાબાદમાં હાલમાં જુદી જુદી હોસ્પિટલમાં ૩૦૦ બાળકો સારવાર હેઠળ છે. નવા દર્દીઓ સપાટી પર આવ્યા બાદ દર્દીઓના બિમાર થવાનો સિલસિલો જારી રહ્યો છે.

# મમતા ઝુક્યા : તબીબોની હડતાલ સમેટાઈ

કોલકત્તા, તા. ૧૭

બંગાળમાં હિંસાના વિરોધમાં હડતાળ પર ઉતરેલા તબીબો અને રાજય સરકાર વચ્ચે વિવાદનો અંત આવી રહ્યો છે. તબીબોની માંગ સમક્ષ મમતા બેનર્જી ઝુકી ચુક્યા છે. જેના ભાગરૂપે દરેક હોસ્પિટલમાં એક નોડલ પોલીસ ઓફિસરની નિમણૂક કરવામાં આવશે. તબીબો અને મુખ્યમંત્રી વચ્ચે વાતચીત થયા બાદ મુખ્યમંત્રીએ કોલકત્તાના પુલિસ કમિશ્નર અનુજ શર્માને આદેશ કર્યા હતા. ફરિયાદ નિવારણ શેલની રચના પણ કરવામાં આવશે.


આજની રાષ્ટ્રવ્યાપી હડતાલથી દર્દીઓ પારવાર મુશ્કેલીઓ અનુભવી હતી. જોકે મોડીસાંજે મમતા બેનર્જીએ નિવાસી તબીબો સાથે વાતચીત કરી ઘટતું કરવાના હુકમો કરતા હડતાલ સમેટાઈ હતી.

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

કૈલાસ માનસરોવર
ચારધામ યાત્રા
ગંગોત્રી - ચમનોત્રી - બદ્રિનાથ - કેદારનાથ
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

GET Desired Band or 100% Fees Back*
SPOKEN ENGLISH & IELTS
ની નવી બેચ શરુ થઈ ગયેલ છે
Register NOW!
• અનુભવી ફેકલ્ટી • ફુલ્લી AC કલાસ રૂમ
• અનુકુળ સમય • AC લાયબ્રેરી ફેસીલીટી
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD.
ENRICH ~ ENABLE ~ EVOLVE
IELTS STUDENT VISA
72 708 72 708

સ્મરણાંજલિ



મેજર વિનોદ જોષી

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥
२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી.
ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે.
શરીર હણવાથી તે હણાતો નથી.
૨-૨૦ ભાગવત ગીતા

આજે
આપની આઠમી પુણ્યતિથિએ...
આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રમાણ

લિ.
પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી
તથા સમગ્ર પરિવાર